પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૦૬ | ૨૬ જુન, ૨૦૧૭, સોમવાર ; અષાઢ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# દક્ષિણ ગુજરાતમાં જળબંબાકાર

**ભારે વરસાદથી હાલત કફોડી : જનજીવન ઠપ થયું : વલસાડના જુદા જુદા ભાગોમાં આઠથી ૧૦ ઇંચ વરસાદ ખાબક્યો : વાપીમાં હજુ નિચાણવાળા વિસ્તારો જળબંબાકાર : રાજકોટ, સુરત, ભરુચ, અરવલ્લી, મોડાસા, શામળાજી, પાટણ સહિતના અનેક વિસ્તારોમાં વરસાદ**

અમદાવાદ, તા. ૨૪

દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં ભારે વરસાદના કારણે જનજીવન ખોરવાઈ ગયું છે. વલસાડના વિવિધ વિસ્તારોમાં કલાકોના ગાળામાં જ આઠ ઈંચથી પણ વધુ વરસાદ થતાં નદી-નાળા છલકાઈ ગયા છે અને આસપાસના ગામોમાં પાણી ફરી વળ્યા છે. આઠ ઈંચથી પણ વધુ વરસાદ વલસાડના ઉમરગામ ખાતે નોંધાઈ જતાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ છે. રાજયના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદ થયો છે. વલસાડ જિલ્લામાં હાલત કફોડી બનતા જનજીવન ખોરવાઈ ગયું છે. બચાવ અને રાહત કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. ઘરોમાં પાણી ઘુસી ગયા છે. વલસાડ જિલ્લામાં નિયમિત ચોમાસાની શરૂઆત થઈ જતાં મૂશળધાર વરસાદ થયો છે. છેલ્લા ૨૪ કલાકની અંદર જ ભારે વરસાદ નોંધાયો છે. વલસાડમાં ધમાકેદાર એન્ટ્રીના લીધે જનજીવન ખોરવાઈ ગયું છે. વાપીમાં આફ ફાટ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ ગઈ છે. અહીં છેલ્લા ૨૪ કલાકમાં ૧૪ ઈંચથી પણ વધુ વરસાદ નોંધાઈ ગયો છે. વલસાડમાં આઠથી ૧૦ ઈંચ જેટલો વરસાદ નોંધાઈ ગયો છે. અનેક જગ્યાઓએ પાણી ભરાઈ ગયા છે. વલસાડના જુદા જુદા વિસ્તારમાં ભારે વરસાદ થયો છે જેમાં પારડીમાં સાડા પાંચ ઈંચ, ધરમપુરમાં ત્રણ ઈંચ, કપરાડામાં છ ઈંચ વરસાદ થયો છે. વલસાડ જિલ્લામાં વરસાદ અવિરત જારી રહ્યો છે. બીજી બાજુ ભરુચ, શામળાજી, મોડાસા, પાટણમાં પણ ભારે વરસાદ થયો છે. રાજકોટમાં પણ વરસાદ થયો છે. સુરતમાં પણ નોંધપાત્ર વરસાદ થયો હોવાના અહેવાલ મળ્યા છે. વાલિયા તાલુકામાં ભારે વરસાદ થયા બાદ છ ઈંચથી વધુ વરસાદ નોંધાઈ ચુક્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં વાલિયા



● અનુસંધાન પાન-૫ પર

## મુંબઈમાં મુશળધાર વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત બન્યું

**મુંબઈની લાઇફલાઈન લોકલ ટ્રેન સેવા ખોરવાઈ : મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં ભારે વરસાદની ચેતવણી જારી : માછીમારોને દરિયામાં ન જવા માટેની સલાહ મળી**

મુંબઈ, તા. ૨૫

દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં પણ ભારે વરસાદના કારણે જનજીવન ખોરવાઈ ગયું છે. મુંબઈ, થાણે, નાસિક અને તેની આસપાસના વિસ્તારોમાં છેલ્લા ત્રણ દિવસથી પડી રહેલા વરસાદે આજે જોર પકડ્યું હતું. રવિવારે પણ ભારે વરસાદ જારી રહ્યો હતો. મુંબઈમાં ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. મુંબઈની લાઈફલાઈન ગણાતી લોકલ ટ્રેન સેવાને પણ અસર થઈ હતી. રાયગઢમાં ચાર ઈંચથી વધુ વરસાદ થયો છે. જ્યારે માથેરાનમાં છ ઈંચની આસપાસ વરસાદ થયો છે. લોનાવાલામાં છ ઈંચ વરસાદ નોંધાઈ ચુક્યો છે. આવતીકાલે સોમવારે ઈદ હોવાથી ખરીદીને પણ અસર થઈ છે. હવામાન વિભાગના કહેવા મુજબ મોનસુન ઉત્તરમાં અરબી દરિયા તરફ આગળ વધી રહ્યું છે જેના કારણે ભારે વરસાદ થઈ રહ્યો છે. મુંબઈ, કોંકણ અને ગોવા ક્ષેત્રમાં ભારે

● અનુસંધાન પાન-૫ પર


**ભારતીય સ્ટેટ બેંક** State Bank of India

**જાહેરાત**

ભારતીય સ્ટેટ બેંક સેક્ટર-૬, ગાંધીનગર વિસ્તારમાં નવી શાખા ખોલવાનો અભિગમ ધરાવે છે. સદરહુ શાખા માટે આશરે ૨૫૦૦ થી ૩૦૦૦ ચો.ફૂટની નવિન બાંધકામ વાળી જગ્યા વેપારી વિસ્તાર, મુખ્ય રોડ નજીક તથા ભોયતળીયા (ગ્રાઉન્ડ ફ્લોર) હોવી જરૂરી છે. પોતાની માલિકીની (ટાઈટલ ક્લીયર) મિલ્કત ધરાવનાર પાસેથી પ્રતિ ચોરસ ફૂટના અપેક્ષીત ભાડાની રકમ સાથે અરજીઓ મંગાવવામાં આવે છે. સદરહું અરજી જરૂરી દસ્તાવેજી પુરાવા તથા નકશા સાથે નીચેના સરનામે તારીખ ૦૩-૦૭-૨૦૧૭ સુધી બંધ કવરમાં સાંજે ૫.૦૦ વાગ્યા સુધી રજુ કરવી. આવેલ અરજીઓમાંથી આખરી પસંદગીનો નિર્ણય નો અધિકાર બેંકનો અબાધિત રહેશે.

સરનામું :
સહાયક મુખ્ય પ્રબંધક શ્રી
ભારતીય સ્ટેટ બેંક, વહીવટી કચેરી,
રીજીયન-૧, ચોથોમાળ, સેક્ટર-૧૦-બી, ગાંધીનગર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય







4-BHK
LUXURIOUS BUNGALOWS
@ Kudasan

RADHE HOMES
live with a class...

READY POSSESSION





A PROJECT BY :
NILKANTH DEVELOPERS
Radhe Homes
B/h Radhe 111, Near Shreenath Home, Kudasan,Gandhinagar
Phone : Hasmukhbhai Patel - 98251 75325, Navinbhai Patel - 94265 02182